હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમે ખોટુ સમજ્યા...!! અમે વિજળીનું બીલ મફતમાં આપવાની વાક કરતા હતા...

ઘ-૫ શાહી નોનવેજના વેપારીને ૭ જેટલા શખ્સોએ માર માર્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ જુની ચોપાટી સ્થિત શાહી નોનવેજની લારી પર જમવા અંગે સામાન્ય માથાકુટ થઈ હતી. પરંતુ ગણતરીના સમયમાં ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ૭ જેટલા શખ્સોએ વેપારીને ફિલ્મી ઢબે દોડાવીને ઓપનએર થિયેટ પાસે આંતરીને લાકડી અને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારે બનાવને પગલે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે મોડીરાત સુધી શહેરમાં ધમધમતી નોનવેજની લારીઓ પર રોજ નાના મોટા ઝઘડાઓ થતા રહે છે.જેને પગલે સ્થાનિક નાગરીકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે શહેરમાં ઠેરઠેર ધમધમતી નોનવેજની લારીઓ બંધ કરાવવા માટે લોકમાંગ ઉઠવા પામી છે. પરંતુ તંત્ર દ્વારા નોનવેજની લારીઓના વેપારીઓ સામે નરમ વલણ અપનાવતા હોવાની બુમો ઉઠવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ શ્રીનગર સોસાયટી ખાતે રહેતો મુકરમ રીઝવાન કાશીમ શેખ શાહી નોનવેજની લારી ચલાવે છે. લારી પર ૧૦ દિવસ અગાઉ જમવાના પાર્સલ અંગે બે ગ્રાહકો સાથે ચકમક ઝરી હતી. ત્યારે અદાવત રાખી ગઈકાલે રાત્રીના દશ વાગ્યાના અરસામાં એકટીવા અને બાઈકો પર બે શખ્સો બીજા પાંચ વ્યકિતને લઈને લારી પર આવ્યા હતા. તે પૈકીના ત્રણ શખ્સોએ કહ્યું કે લારી ચાલુ છે. સલમાન ભાઈ કયા છે. જયારે મારામાની તૈયારી સાથે આવેલા શખ્સો પાસે લાકડીઓ હતી. પરંતુ તેઓએ લારી પર રહેલો ઝારો લઈ મુકરમ શેખ પર હુમલો કરતા તેને હાથ પર વાગ્યું હતું.

જયારે બીજીવાર મારતા હાથ વચ્ચે લાવતા ઈજા પહોંચી હતી.ત્યારબાદ તેણે ગભરાઈને મુકરમે દોટ મુકતા સાત શખ્સોએ પણ તેની પાછળ પાછળ દોડતા હતા.રાત્રીના સમયે ચોપાટી પાસે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ઓપનએર થિયેટર પાસે આંતરીને તેને નીચે પાડી દઈ લાકડીઓ અને ગડદાપાટુનો માર માર્યો હતો. જાહેરમાં મારામારીને પગલે વેપારીઓ તેમજ ગ્રાહકોમાં પણ ભય જોવા મળ્યો હતો. જયારે ઈજાગ્રસ્ત મુકરમને ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો.જયાં પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં આજે જિલ્લા વિકાસ અધિકારીની ગાડી કારોબારી ચેરમેનની ગાડીને સામાન્ય ટકરાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધી છે.
- ગાંધીનગર શહેરની સરકારી કચેરીઓમાં આજે પણ મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં પણ હવે પેટ્રોલ પંપ પર પેટ્રોલ નહિ મળતુ હોવાની વાતોએ જોર પકડ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે હળવા છાંટા પડ્યા પછી ઉકળાટ વધી જવા પામ્યો હતો.
- જિલ્લામાં ત્રણ દિવસના હળવાથી મધ્યમ વરસાદ પછી વાવણીની કામગીરીમાં વેગ આવ્યો છે.
- ૧૬-૧૭ ના રોજ કેવડિયા ખાતે મહિલા બાળ વિકાસ મંત્રાલયની ખાસ બેઠક મળી રહી છે. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ હાજરી આપવા ગુજરાત આવી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ પણ હળવુ રહ્યુ હતુ.
- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ સમિતિની બેઠક મળશે.
- નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી પારૂલ માનસેતાએ આજે શહેરમાં યોગ દિવસની ઉજવણીના આયોજન અને તૈયારી માટે બેઠક યોજી હતી.

છાલાથી વાસણા ચૌધરી વાયા કાનપુર રોડનું ધારાસભ્ય શંભુજીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

ચિલોડા, તા. ૧૪

છાલાથી વાસણા ચૌધરી વાયા કાનપુર રોડનું તેમજ ગાંધીનગર વિધાનસભા ક્ષેત્રના જાખોરા ગામે નોન પ્લાન નારિયામાં ડામર રોડ ૧.૫ કિ.મી. ચંદ્રાલા ગામે નોન પ્લાન નાળિયામાં ડામર રોડ ૧ કિ.મી. અને છાલાથી કાનપુરને જોડતો રોડ ૫.૫ મીટર પહોળો ડામરનો ડામર રોડ ૩ કિ.મી. બનાવવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, અગ્રણી લલિતસિંહ ઠાકોર, સરપંચ જાખોરા વિહાભાઈ રબારી, ચંન્દ્રાલાના સરપંચ રામકૃષ્ણભાઈ પટેલ, અગ્રણી એચ.કે. પટેલ, કાર્યકર આગેવાનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જાખોરા ગામે ઘણા આગેવાનોને ભાજપનો ખેસ પહેરાવી ધારાસભ્યએ ભાજપમાં પ્રવેશ અપાવ્યો તેવુ જાણવા મળે છે.

ચિલોડા ગામના ચોકમાં પરણિત મહિલાઓએ વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરી

ચિલોડા, તા. ૧૪

પતિ એજ પરમેશ્વર - ભારતીય નારી વટપૂર્ણિમા તરીકે વ્રત આદર્શ નારીનું શ્રદ્ધાનું પ્રતિક છે. આ પૂનમના દિવસે ઉપવાસ અને જાગરણ કરી પૂજા-દાન-ઉપવાસનું અનેક મહિમા રહેલો છે. વટ સાવિત્રી વ્રતમાં વડનું પૂજન અને વાર્તાનું પૌરાણિક કથાનો મહિમા અકબંધ છે. વટ સાવિત્રી વ્રત બે દિવસ મનાવવામાં આવે છે. જેઠ માસની અમાવાસ્યાના દિવસે અને પૂર્ણિમાના દિવસે પરણિત મહિલાઓ વ્રત પૂજા સામગ્રી સાથે પતિના લાંબા આયુષ્ય માટે, સુખી દાંપત્યજીવન માટે વટવૃક્ષની પૂજા-અર્ચના કરી મનોકામના પૂર્ણ કરે છે. ત્યારે ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય ચોકમાં આવેલો વડના ઓટલા પર મહિલાઓ વટસાવિત્રી વ્રતની પૂજા-અર્ચના કરતી વડના થડને સુતરની આંટીથી પ્રદિક્ષણા કરી શ્રદ્ધા વ્યક્ત કરે છે. જયારે શાસ્ત્રીજી રમણભાઈ એ. રાવલ દ્વારા મહિલાઓને પૂજા-સામગ્રી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરાવી વટ સાવિત્રી વ્રતની કથાપાન કરાવી મનોકામના પૂર્ણ કરાવી રહ્યા છે. વ્રત રાખવાથી દાંમ્પત્યજીવન સુખી અને પુત્ર પ્રાપ્તી માટે ભગવાનના આશીર્વાદ મેળવવા મહિલાઓ ધાર્મિક પ્રસંગને માન આપી ધન્યતા અનુભવે છે.

સેકટર-૨ ડી બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને રૂ.૧૦ હજારની મત્તા ચોરી ફરાર

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨ ડી ખાતે બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકીને તરખાટ મચાવ્યો છે. રૂમની બારી તોડી અંદર પ્રવેશી ચોર શખ્સોએ બેડરૂમમાં રહેલી તિજોરીનો સામાન અસ્ત વ્યસ્ત કર્યો હતો.જયારે કબાટમાં રહેલા પાકીટમાંથી રોકડા રૂ.૧૦ હજાર અને જરુરી કાગળો લઈ રફુચક્કર થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રીલાયન્સ ચોકડી શુકન આઈ બી-૩૦૪ ખાતે રહેતા નૈસર્ગીબેન નીલકુમાર ખત્રી પરિવાર સાથે રહે છે.જયારે તેણીના મોટાબાપા મહેશ ભોગીલાલ દાનેચ સેકટર-૨ડી પ્લોટ નં.૧૦૦૫-૨ ખાતે રહે છે. જેઓ ગત તા.૭ માર્ચથી વિદેશ ગયા છે. જયારે સેકટર-૨ ડી ખાતે મકાન બંધ રહે છે અને ચાવી નૈસર્ગીબેન પાસે રહે છે. જયારે મકાનની દેખરેખની જવાબદારી હોવાથી બંધ મકાન જોવા માટે ગયા હતા. ત્યાં જઈ ચાવી થી દરવાજો ખોલી અંદર જતા મકાનના બેડરૂમનો સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો.જયારે અન્ય રૂમમાં પણ સામાન અસ્ત વ્યસ્ત પડ્યો હતો. નૈસર્ગીબેનને ચોરીની જાણ થતા તેમના પરિચિત સમીરભાઈ પટેલ અને વિરાજ શાહને બોલાવ્યા હતા. મકાનની અંદર જઈ તપાસ કરતા મુખ્ય બેઠક રૂમની બારી તુટેલી હતી. જેથી નૈસર્ગીબેને મોટાબાપાને વિડીયોકોલ કરીને બનાવ અંગે જાણ કરી હતી. જેથી ફરીયાદીએ તમારા ઘરે કોઈ કિંમતી દાગીના હોય તો મને જણાવો તેમ કહેતા દાગીના તો નથી પરંતુ બેડરૂમના કબાટમાં મુકેલા પાકીટમાં રૂ.૧૦ હજાર રોકડા અને જરુરી કાગળો છે. જેથી ફરીયાદીએ તપાસ કરતા કબાટમાં રહેલા પાકીટમાં એક પણ રૂપીયો જોવા મળ્યો ન હતો. ચિરાગ દાનેચ અને મેઘાબેન દાનેચનું આધારકાર્ડ ચોરી કરી લઈ ગયા હતા.બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૫ બી ખાતેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં બાઈક ચોર ટોળકી સક્રિય થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટરોમાંથી છાશવારે બાઈક ચોરીની ફરીયાદો ઉઠવા પામે છે. શહેરના ભીડભાડ વાળા વિસ્તારમાં બિન્દાસ્ત વાહનચોર શખ્સો બાઈક ચોરી પલાયન થઈ જાય છે. પોલીસના ચાંપતા બંદોબસ્ત અને પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરી અટકવાનું નામ લઈ રહી નથી. શહેરના સેકટર-૧૧, સિવિલ કેમ્પસ, સરગાસણ અટ્રીયા, કુડાસણ રીલાયન્સ ચોકડી સહિતના સ્થળો વાહનચોરી માટે ફેવરીટ બન્યા છે. ત્યારે શહેરના સેકટર-૫ બી પ્લોટ નં.૭૪૭-૨ સામે ખુલ્લી જગ્યામાંથી પાર્ક કરેલ રાંધેજાના યુવકની બાઈક ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંધેજા રોહિતવાસ રામજીમંદિર પાસે રહેતા અંકિત આનંદ સેકટર-૨૬ જીઆઈડીસીમાં કેટર પીલર શાઈન કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. જયારે જી.જે.૦૨.સી.એમ.-૩૧૨૩ બાઈકનો ઉપયોગ અંકિત નોકરી પર આવવા જવા માટે કરતો હતો. ત્યારે ગત તા.૧૧ ના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં સેકટર-૫ બી પ્લોટ નં.૭૪૭-૨ મામાના ઘરે આવ્યો હતો અને બાઈક ઘરની સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું. જયારે રાત્રીના સમયે રોકાઈ જતા સવારે ૭ વાગે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં બાઈક અંગે પુછપરછ કરી હતી. બે દિવસ સુધી બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ રોડ ક્રોસ કરતા વ્યકિતનું બાઈકની અડફેટે મૃત્યુ

ગાંધીનગર, તા.૧૪

અડાલજ મહારાજા હોટલ સામે રોડ ક્રોસ કરી રહેલા વ્યકતિને વૈષ્ણોદેવી થી ગાંધીનગર તરફ આવી રહેલા બાઈક ચાલકે ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક ચાલક અને માર્ગ ક્રોસ કરી રહેલા વ્યકિતને ઢીંચણના ભાગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયાં ઈજાગ્રસ્ત પંકજ બ્રહ્મભટ્ટને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. ત્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મૃત્યું નિપજયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલના સત્યમ એસ્ટેટ બોરીસણા માર્ગ પર રહેતા પંકજભાઈ મગનભાઈ બ્રહ્મભટ્ટ ગઈકાલે કોઈ કારણોસર અડાલજ આવ્યા હતા. જયાં તેઓ રાત્રીના સમયે રોડ ક્રોસ કરતા સમયે બાઈક નં. જી. જે. ૦૧. એલ. ડી. - ૭૮૭૦ ના ચાલકે પંકજભાઈને ટક્કર મારી હતી. અકસ્માતમાં તેઓને માથાના ભાગે તેમજ ઢીંચણના ભાગે ઈજા પહોંચી હતી. બનાવમાં બાઈક પણ ફંગોળાઈ જતા તેના ચાલક ભરતભાઈ અશોકભાઈ કલવાડી (રહે મોટા ચિલોડા)ને પણ ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ લઈ જવાયા હતા. જયાં પંકજભાઈની સ્થિતિ ગંભીર જણાતા તેમને અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. જયાં રાત્રીના સમયે સારવાર દરમિયાન પંકજભાઈનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. બનાવની જાણ થતા પંકજભાઈના પરિવારના સભ્યો હોસ્પિટલ દોડી ગયા હતા. બનાવ અંગે મૃતકના સરગાસણ રહેતા ભાઈ હર્ષદભાઈ બ્રહ્મભટ્ટે બાઈક ચાલક ભરત કલમાડી સામે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા બાઈક રેલી સ્વરૂપે વિકાસતીર્થ યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા બાઈક રેલી સ્વરૂપે 'વિકાસતીર્થ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટે યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મહાનગરના મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને યાત્રામાં જોડાયા હતા. મહાનગર ભાજપા યુવા મોરચાની વિકાસતીર્થ યાત્રાનું મહાત્મા મંદિર 'ખ' રોડથી પ્રસ્થાન થયું હતું ત્યારે બાદ વિવિધ વોર્ડના અલગ અલગ વિસ્તારોમાં થઈને સરદાર ચોક, કુડાસણ ખાતે યાત્રાનું સમાપન થયું હતું. સમગ્ર યાત્રાનું આયોજન મહાનગર ભાજપા યુવા મોરચાના પ્રભારી ડૉ. નિસર્ગ વ્યાસ તેમજ પ્રમુખ યુવરાજસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપાની યુવા મોરચાની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રમુખસ્વામી મહારાજે કૃષિ-ઋષિ બંને કામ કર્યા છે

''આર્ષ'' દ્વારા 'કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ' વિષય પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ''કૃષિમહર્ષિ : પ્રમુખસ્વામી મહારાજ'' એ વિષય પર તા.૧૪-૦૬-૨૦૨૨ના રોજ પ્રો. વી.આર. મહેતા

ઓડિટોરીયમ હોલ ખાતે સવારે ૯.૩૦ થી બપોરે ૧૨ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સ.દાં.કૃ.યુ. સરદારકૃષિનગરના કુલપતિ પ્રો. ડૉ. આર.એમ. ચૌહાણ, વક્તા તરીકે આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામક, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી તથા દ્વિતીય વક્તા તરીકે સ.દાં.કૃ.યુ. ના પ્લાનીંગ ઓફિસર, ડૉ. એસ. પી. પંડ્યા, અતિથિવિશેષ તરીકે સ.દાં.કૃ.યુ. ના સંશોધન નિયામક ડૉ. બી.એસ. દેવરા તેમજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, મહેસાણાના સંતનિર્દેશક પૂ. ઉત્તમપ્રિયદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં. ''કૃષિક્ષેત્રે પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન'' વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ જણાવ્યું કે બીએપીએસ સંસ્થાની ૧૬૦ કરતા વધારે માનવ ઉત્કર્ષના કાર્યમાં તેમણે કૃષિક્ષેત્રને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના વચને તેમને વિચરણમાં આવતા અનેક ગામોના ખેડૂતોને તેમણે કૃષિ વિષયક આગવો વિચાર આપીને પરંપરાગત તેઓની પાક લેવાના અભિગમને નવી દિશા આપી પાકના નવા પ્રયોગો સૂચવ્યા હતા અને તે ખેડૂતોને લાભદાયી નિવડ્યા હતા. ૧૯૮૬-૮૮ના ગુજરાતના ભીષણ દુષ્કાળમાં પ્રમુખસ્વામી મહારાજે કેટલ કેમ્પ (પશુ કલ્યાણ કેન્દ્ર)માં ૬૨૧૦ પશુઓને ૪ કેટલ કેમ્પોમાં સાચવીને હજારો ઢોરોને સાચવ્યા હતા. કેટલ કેમ્પમાં પશુઓને એ રીતે સાચવ્યા હતા કે તેમનો સર્વાંગી વિકાસ થાય. પ્રત્યેક ઢોરને પૂરતા પ્રમાણમાં ખોરાક અપાતો.

''કૃષિમક્ષેત્રે બીએપીએસ સંસ્થાનું પ્રદાન'' વિષયક વક્તવ્ય રજૂ કરતા દ્વિતીય વક્તા ડૉ. એસ. પી. પંડ્યાએ જણાવ્યું કે બીજાના ભલામાં આપણું ભલું એ વિચાર સાથે પ્રમુખસ્વામી મહારાજે ૬૬ વર્ષ સુધી માનવતાના વિકાસમાં સંસ્થાનું નેતૃત્વ સંભાળ્યું છે. તેમના નેજા હેઠળ બીએપીએસ સંસ્થામાં આરોગ્ય, શૈક્ષણિક, આદિવાસી ઉત્કર્ષ, ખેતી સુધારણા, પાણી બચાવો જેવી ૧૬૨ કરતાં વધારે પ્રવૃત્તિઓ કાર્યરત છે. મેનેજમેન્ટની વિશેષતા પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી હતી. બીએપીએસના વિવિધ ફાર્મમાં ૬૦૦ એકરમાં ડ્રીપ છે. પ્રમુખસ્વામી મહારાજે કૃષિ અને ઋષિ બંને કામ કરેલા છે. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સ.દાં. કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના વરુણભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના અંતમાં સ.દાં. કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના કે. પી. ઠાકરે આભારવિધિ કર્યો હતો.

નાગરિકોને મફત વિજળી મળે તે માટે "આપ" રાજ્યવ્યાપી આંદોલન છેડશે

દિલ્હી બાદ હવે પંજાબમાં પણ મફત વિજળીનું આયોજન તો ગુજરાતમાં કેમ નહીં? : રાજ્યમાં મફત વિજળી આપવા સરકાર સમક્ષ માંગ મુકાશે

ગાંધીનગર, તા.૧૪

જેમ જેમ ગુજરાત વિધાનસભાની આગામી ચુંટણીઓ નજીક આવતી જણાય છે તેમ તેમ રાજકીય પાર્ટીઓની ચહલપહલમાં પણ વધારો થતો જણાય છે. આ વખતે રાજ્યમાં લાંબા સમયથી શાસન ભોગવી રહેલી ભારતીય જનતા પાર્ટીને માત્ર કોંગ્રેસ નહીં પરંતુ આમ આદમી પાર્ટી પણ પડકાર ફેંકી રહી છે અને દિલ્હી મોડેલના આધારે ગુજરાતમાં પણ સત્તા મળશે તો નાગરિકોને "મફત વિજળી" આપવાની ઓફર કરવાની ફિરાકમાં છે. પ્રાપ્ત માહિત અનુસાર આગામી તા.૧૬થી તા.૨૪મી જુન દરમ્યાન ગુજરાતમાં મફત વિજળી માટે જનસંપર્ક કરીને માંગણીપત્ર ભરાવીને નાગરિકોનો અભિપ્રાય મેળવાશે અને સરકાર સમક્ષ મફત વિજળીની માંગ કરાશે. તાજેતરમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવી અને પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે "વિવિધ નાગરિકલક્ષી પ્રાથમિક સેવાઓ જેવી કે વિજળી, પાણી, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે બાબતે આમ આદમી પાર્ટીની સરકારે દિલ્હીમાં પ્રસંશનીય કાર્ય કર્યું છે જેની દેશભરમાં નોંધ લેવાઈ રહી છે. દિલ્હીમાં નાગરિકોને ૨૦૦ યુનિટ્સ વિજળી મફત આપવામાં આવે છે અને પંજાબમાં પણ "આપ"ની સરકાર આવતાં નાગરિકોને ૩૦૦ યુનિટ્સ સુધીની વિજળી મફતમાં આપવાનું આયોજન વિચારાઈ રહ્યું છે. ગુજરાતમાં પણ નાગરિકોને મફત વિજળી મળી શકે તેમ છે પરંતુ ભાજપ સરકાર આપતી નથી જેથી આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતમાં પણ નાગરિકોને મફત વિજળી આપવા સરકાર સમક્ષ માંગ મુકશે અને તે માટે આંદોલન છેડશે. "આપ" દ્વારા આ માટે આગામી તા.૧૬થી તા.૨૪મી જુન દરમ્યાન ગુજરાતમાં મફત વિજળી માટે જનસંપર્ક કરીને માંગણીપત્ર ભરાવીને નાગરિકોનો અભિપ્રાય મેળવાશે અને જરૂર પડે રાજ્યવ્યાપી આંદોલનનો પ્રારંભ કરાશે.

મંગલમુર્તિ સોસાયટીના પ્રાંગણમાં ભજન સત્સંગનો એક અનોખો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

મંગલમુર્તિ સોસાયટીના પ્રાંગણમાં ભજન સત્સંગનો એક અનોખો કાર્યક્રમ સદગુરુ પરથી રામ મહારાજના આશીર્વાદ હેઠળ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે સદગુરુ પરથીરામ મહારાજ દ્વારા વ્યાસ પીઠ થી ખૂબ જ અલૌકિક પણ સદી ભાષામાં જીવન નો સાચો મર્મ સમજાવ્યો હતો. આયોજક અભેસિંહ તેમજ નાંદુબા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તબલા, મંજીરા, પેતિવાજુ અને મોઢેથી ગાઈ

આધુનિક જમાના માં ગામડાની યાદ અપાવે તેવું તાલ બધ્ધ અને લય બધ્ધ સંગીત હતું. જૂના ભજનોની રમઝટ બોલાવ્યા બાદ સદગુરુ દ્વારા આશીર્વચનનું રસપાન થયું હતું.

જાણીતા લેખિકા કીર્તિદા બ્રહ્મભટ્ટના બાલકાવ્ય સંગ્રહ 'ટિંચાક'નું વિમોચન

ગાંધીનગર, તા.૧૪

કીર્તિદા બ્રહ્મભટ્ટના બાલકાવ્યસંગ્રહ 'ટિંચાક'નું વિમોચન તેઓને પિતા વ્રજલાલ બ્રહ્મભટ્ટ અને માતા જયભારતી બ્રહ્મભટ્ટ અને પૌત્ર આરોહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ બાલકાવ્યસંગ્રહ તેઓએ તેમના દોહિત્ર તત્વમ્ ને અર્પણ કર્યો છે.

આ બાલકાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં ડો. શ્રદ્ધા ત્રિવેદી લખે છે કે દરેક કાવ્ય કલ્પનાનાવીન્ય સાથે, નવા દ્રષ્ટિકોણથી લખાયું છે. દરેક કાવ્યના વિષયને નવી, વિશિષ્ટ અને રમણીય દ્રષ્ટિથી લયબદ્ધ રીતે નિરૂપ્યા છે. દરેક કાવ્ય અહીં કવયિત્રીની આંતરદ્રષ્ટિને લીધે નવા જ દ્રષ્ટિકોણથી રજુ થયાં છે. કીર્તિદા બ્રહ્મભટ્ટના આ પૂર્વે પ્રકાશિત થયેલા પુસ્તકો પૈકી સાત પુસ્તકો ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત થયાં છે.

જાહેર નિવિદા નં.૧, સને ૨૦૨૨-૨૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨ ૫૯૧૬૭/૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત (૧) રૂ. ૨.૯૫ તથા (૨) ૨.૯૭ લાખના કુલ ૨ કામ (૧) રીપેરીંગ એન્ડ સર્વિસીંગ ઓફ ૩.૩ કે.વી. એચ.ટી.એફ.સી.એમ.એ. સોફ્ટ સ્ટાર્ટર વીથ ફીટીંગ ઓફ રીક્વાયરેડ એસેસરીસ ફોર ચરેડી હેડ વર્ક. (૨) સપ્લાય ઓફ જનરલ મટેરીયલ ફોર ચરેડી હેડ વર્ક્સ ઈન જી.ટી.એસ. માટે આવા પ્રકારની કામગીરી કરતા ઈજારદાર / ઈસમો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૨૦/૬/૨૦૨૨ (૧૬:૦૦ કલાક સુધી) છે અને ભાવ ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૭/૬/૨૦૨૨ છે. શક્ય હશે તો ભરેલ ટેન્ડર બીજા દિવસે હાજર રહેલ ઈજારદારશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવશે. આ કામની વિગતવાર નિવિદા કચેરીના નિવિદા બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ વિગત માટે ઉપરોક્તમાં કચેરી સમય દરમિયાન જાહેર રજા સિવાયના દિવસોમાં રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતા પાસે અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૫૮૭/૨૨-૨૩